# ગોંડલ નાગરિક સહકારી બેંક લિમિટેડ

"સમર્પણ",માંડવી ચોક,ગોંડલ,જીલ્લાઃરાજકોટ.
ફોન નં. ૦૨૮૨૫ ૨૨૦૧૧૫,૨૨૪૦૦૩

## ગોંડલ નાગરીક સહકારી બેંક લિ.ના કાર્યવાહક મંડળની ચુંટણી અંગેનું જાહેરનામુ

સને ૨૦૨૪–૨૫ ના વર્ષમાં બેંકના પેટા નિયમ ૩૭ મુજબ બેંકના કાર્યવાહક મંડળના કુલ ૧૧ સભ્યોની ચુંટણી પાંચ વર્ષની મુદત માટે યોજવાની થાય છે.આ અગીયાર(૧૧) સભ્યોની ચુંટણીમાં બે(૨) બેઠકો મહિલા અનામત અને એક(૧) બેઠક અનુસુચિત જાતિ અથવા જનજાતિની અનામત છે. તેમજ બાકીની આઠ(૮)બેઠક સામાન્ય વિભાગની છે.તે મુજબ કુલ અગીયાર(૧૧) સભ્યોની પાંચ વર્ષની મુદત માટે ચુંટણી યોજવા અંગેનો તબક્કાવાર ચુંટણી કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

### :: ચુંટણી કાર્યક્રમ ::

| ક્રમ | વિગત | તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|
| ૧. | સભાસદ મતદારોની કામચલાઉ મતદાર યાદીની પ્રસિધ્ધિ | ૧૪/૦૮/૨૦૨૪ | બુધવાર | સવારના ૧૧ વાગ્યે |
| ૨. | કામચલાઉ મતદાર યાદી સામે વાંધા રજુ કરવાની અંતિમ તારીખ | ૨૧/૦૮/૨૦૨૪ | બુધવાર | સવારના ૧૧ થી ૩ સુધી |
| ૩. | સભાસદ મતદાર યાદીની આખરી પ્રસિધ્ધી | ૨૭/૦૮/૨૦૨૪ | મંગળવાર | સવારના ૧૧ વાગ્યે |
| ૪. | ઉમેદવારી પત્રમેળવવા | ૨૮/૦૮/૨૦૨૪ | બુધવાર | સવારના ૧૧ થી ૫ સુધી |
| ૫. | ઉમેદવારી પત્ર રજુ કરવા | ૨૯/૦૮/૨૦૨૪ | ગુરૂવાર | સવારના ૧૧ થી ૩ સુધી |
| ૬. | ઉમેદવારી પત્રની ચકાસણી | ૩૦/૦૮/૨૦૨૪<br>૩૧/૦૮/૨૦૨૪ | શુક્રવાર<br>શનિવાર | સવારના ૧૧ થી ચકાસણી પુર્ણ થતા સુધી |
| ૭. | માન્ય ઉમેદવારોની યાદી | ૦૨/૦૯/૨૦૨૪ | સોમવાર | સવારના ૧૧ કલાકે |
| ૮. | ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની અંતીમ તારીખ | ૦૩/૦૯/૨૦૨૪<br>૦૪/૦૯/૨૦૨૪ | મંગળવાર<br>બુધવાર | સવારના ૧૧ થી ૩ સુધી |
| ૯. | માન્ય ઉમેદવારોના નામની આખરી પ્રસિધ્ધિ | ૦૫/૦૯/૨૦૨૪ | ગુરૂવાર | સવારના ૧૧ કલાકે |
| ૧૦. | નિશાન ફાળવણી | ૦૬/૦૯/૨૦૨૪ | શુક્રવાર | સવારના ૧૧ કલાકે |
| ૧૧. | મતદાનની તારીખ | ૧૫/૦૯/૨૦૨૪ | રવિવાર | સવારના ૯ થી ૫ સુધી |
| ૧૨. | મત ગણતરી | ૧૫/૦૯/૨૦૨૪ | રવિવાર | મતદાન બાદ તે જ સ્થળે તુર્ત જ |

✔ ખાસ નોંધઃ–૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, બેંકના મંજુર થયેલ પેટા કાયદો તથા મંજુર થયેલ ચુંટણીના નિયમ મુજબ ચુંટણી યોજવામાં આવશે.

૨. કામચલાઉ મતદાર યાદીમાં નોંધાયેલ કોઈપણ મતદાર સામે જે કોઈને વાંધો હોઈ તેઓએ મતદારના નામ જોગ લેખીત કારણો સહિતની વાંધા અરજી આપવાની રહેશે તેમજ વાંધા અરજી સાથે જેની સામે વાંધો લેવાયેલ છે તે સભાસદને આપવા માટે વધુ એક નકલ જોડવાની રહેશે.

..૨..

# ગોંડલ નાગરિક સહકારી બેંક લિમિટેડ

"સમર્પણ",માંડવી ચોક,ગોંડલ,જીલ્લાઃરાજકોટ.

ફોન નં. ૦૨૮૨૫ ૨૨૦૧૧૫,૨૨૪૦૦૩




૩. જે મતદાર યાદીના મતદાર સામે વાંધો હોય, તેની વાંધા અરજી રૂા.૧૦/– બેંકમાં ભરી તેનો આધાર વાંધા અરજી સાથે જોડવો. પૈસા ભર્યા સિવાયની વાંધા અરજી ધ્યાને લેવામાં નહિ આવે.

૪. એક વાંધા અરજીમાં એક થી વધુ મતદારો સામે વાંધો લઈ શકાશે નહિ. જે મતદાર સામે વાંધા અરજી આવશે તે મતદારને સાંભળવાની તક આપી વાંધા અરજીનો નિર્ણય કરવામાં આવશે.

✔ મતદાન સ્થળઃ– <u>૧."શ્રી કડવા પાટીદાર સમાજ",ગુંદાળા રોડ,ગોંડલ.</u>

સ્થળઃ ગોંડલ. તારીખ :– ૧૪/૦૮/૨૦૨૪

○ ઉપરોકત વિગતે ચુંટણી અંગેનો તબક્કાવાર કાર્યક્રમ બેંકની મુખ્ય કચેરી તથા બેંકની શાખાઓના નોટીસ બોર્ડ ઉપર તા.૧૪/૦૮/૨૦૨૪ સવારના ૧૧:૦૦ વાગ્યે પ્રસિધ્ધ કરવામાં આવશે.

(જીવનભાઈ બી.કાલરીયા)
ચુંટણી અધિકારીશ્રી,
ગોંડલ નાગરીક સહકારી બેંક લિ.ગોંડલ.

ચુંટણી અધિકારી
ગોંડલ નાગરીક સહકારી બેંક લી

ગોંડલ નાગરિક સહકારી બેંક લિ.